**બિડાણ:** મા. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગરની કચેરીનો તા.૧૧.૦૪.૨૦૨૫નો પત્ર ક્રમાંક No. GS/ Ele / 3838 /

**વિષય: વીજ વપરાશમાં કરકસર બાબત.....**

---

**જા.નં.નકૃયુ/રજી/અ.ક.૩/ વીજ–વપરાશ/૨૦૨૫** /૪૯૬૨–૫૦૧૦ **તા: ૧૭/૦૫/૨૦૨૫**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**સામેલ:** ઉપર મુજબ.

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારું :–**

અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ અને સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

૨/– આ સાથે સામેલ મા. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગરની કચેરીના તા.૧૧.૦૪.૨૦૨૫ના પત્રમાં વીજ વપરાશ કરકસરથી કરવા બાબતે આપેલ સુચનોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે તેમજ સદર બાબત કચેરી / વિભાગમાં ફરજ બજાવતા તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓના ધ્યાન ઉપર અચૂક લાવવા જણાવવામાં આવે છે.

**Ashok Sharma, IAS**
Principal Secretary
to the
Hon'ble Governor of Gujarat

No. GS/Ele/3838/2025

**Raj Bhavan**
Gandhinagar-382 021
Date : 11 APR 2025

પ્રતિ:

- કુલપતિશ્રી, વિશ્વવિદ્યાલય તમામ
- મ્યુનિસિપલ કમીશનરશ્રી, તમામ
- કલેક્ટરશ્રી, તમામ
- જીલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
ઈ નં. ૧૮૩૨
16 APR 2025
એડીએમ-૩ શાખા

**વિષય: વીજ વપરાશમાં કરકસર બાબત.**

સંદર્ભ: સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર ક્રમાંક: ઈએલસી/1022/504/સી-1 દિ. 02/04/25

મહોદય / મહોદયા,

ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રીની આજ્ઞાનુસાર સવિનય જણાવવાનું કે માનનીય રાજ્યપાલશ્રીએ માર્ગ અને મકાન વિભાગ, ઊર્જા અને ક્લાઈમેટ ચેન્જ વિભાગના અધિકારીશ્રીઓ સાથે બેઠકો યોજીને રાજ્યમાં વીજ વપરાશમાં કરકસર કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. જેના પરિણામે માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઉપર સંદર્ભિત પરિપત્ર કરવામાં આવેલ છે. જેમાં વીજ વપરાશ ઘટાડવા અંગેનાં સુચનો કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે નીચે મુજબના પગલાં અંગે નિર્દેશ કરવામાં આવેલ છે:

1. સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓનાં ભવનો, છાત્રાલયો અને અન્ય સ્થળોએ જુદા જુદા વીજ ઉપકરણોનો ખપ પૂરતો જ ઉપયોગ કરવો અને અધિકારી-કર્મચારી અને વપરાશકર્તા હાજર હોય ત્યારે જ જરુરી હોય તેવા ઉપકરણો અને તેટલા સમય માટે જે તે ઉપકરણો ચલાવવાં.

2. તમામ સ્થળોએ સૂર્યપ્રકાશનો મહત્તમ ઉપયોગ કરવો અને દિવસના ભાગે લાઇટો ચાલુ ન રાખવી તેમજ એલ.ઈ.ડી. લાઇટોનો ઉપયોગ કરવો.

3. વોટર કૂલર દિવસ દરમ્યાન જ ચાલુ રાખવું. જ્યાં એ.સી. મૂકવામાં આવ્યા હોય તેનો ઉપયોગ વિવેકી રીતે કરવો. એ.સી. નું ટેમ્પરેચર સેટિંગ 26-27 ડિગ્રી સેલ્શીયસથી નીચે ન રાખવું.

PS to R with circulate

Gandhinagar - 382 021. Tele. : (D) 079-23231133, 079-23243171-23243172-23243173, Fax : 079-23231121



15 APR 2025

કુલપતિશ્રીનુ કાર્યાલય. ન.કૃ.યુ., નવસારી
ઈ.નં. 141/25
15 APR 2025
* PS TO VC *

4. સ્ટ્રીટ લાઇટો ચાલુ-બંધ કરવાનો સમય ઋતુ સાથે બદલાતા સૂર્યપ્રકાશ સાથે જોડવો જોઇએ. જેમાં સૂર્યોદય-સૂર્યાસ્તના અડધા કલાક પછી સ્ટ્રીટ લાઇટ ચાલુ કરવી જરુરી છે. દા.ત. સૂર્યોદય સવારે 6:25 કલાકે થાય છે તો સ્ટ્રીટ લાઇટ બંધ કરવાનું ટાઇમર 6:00 વાગ્યાનું અને સૂર્યાસ્ત સાંજે 6:58 કલાકે થાય છે, તો સ્ટ્રીટ લાઇટ ચાલુ કરવાનું ટાઇમર 7:00 વાગ્યાનું સેટ કરી શકાય. આ ઉપરાંત પૂનમના દિવસે ચંદ્રમાનો પ્રકાશ ઉપલબ્ધ હોય ત્યારે વસ્તી ધરાવતા અને પગપાળા અવરજવર હોય તેવા ગામ અને નગરના અંદરના વિસ્તારો સિવાય રસ્તા પરની સ્ટ્રીટ લાઇટો બંધ રાખી શકાય. આ માટે સ્થાનિક પોલીસ તંત્ર સાથે પરામર્શ કરી યોગ્ય નિર્ણય કરી શકાય.

5. સંસ્થાઓનાં ભવનો, છાત્રાલયો કે કચેરી પરની પાણીની ટાંકીઓની મોટરનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા માટે વોટર-લેવલ ઇન્ડિકેટર કમ કન્ટ્રોલર મૂકી શકાય.

6. બહુમાળી ભવનોમાં લિફ્ટનો ઉપયોગ ઘટાડવા જાગૃતિ અભિયાન ચલાવી શકાય, જેમ કે લિફ્ટની બાજુમાં ધ્યાનાકર્ષક અને રસપ્રદ પોસ્ટર મૂકવું કે જીલ્લા સંકલન સમિતિ અને સામાન્ય સભા વગેરે મિટિંગોમાં ચર્ચા કરવી. દિવ્યાંગ, વયસ્ક નાગરિકો અને સ્વાસ્થ્યની તકલીફ વાળા મુલાકાતી કે કર્મયોગીઓ સિવાયના લોકો પગથિયાંનો ઉપયોગ કરે, તે ઇચ્છનીય છે. તેનાથી સરકારશ્રીના શારીરિક સ્વસ્થતા અભિયાન (Towards a Fit and Healthy India: Combating Obesity Through Collective Action)ને સાર્થક કરવામાં સહયોગ થશે.

7. કચેરીઓ અને ભવનોમાં કર્મયોગીઓ અને નિવાસીઓનું ધ્યાન ખેંચે તે રીતે બેસવાના સ્થાનની સામે ઊર્જા બચાવવા માટેનાં પોસ્ટર લગાડી શકાય.

8. સંસ્થાઓનાં ભવનો, કચેરીઓના ધાબા પર અને ખુલ્લી જગ્યામાં સોલર પેનલ લગાડવા અને તેને કાર્યરત રાખવા કાળજી રાખી શકાય.

ઉપરોક્ત બાબતો ઉપરાંત જે તે શૈક્ષિણક સંસ્થા, કચેરી, નગર કે ગામના સંદર્ભમાં શૈક્ષણિક સંસ્થા, જીલ્લાના કે નગરના વહીવટી તંત્રના વડા જનભાગીદારી, જનજાગૃતિ અને સંવાદ દ્વારા વીજ-વપરાશમાં મહત્તમ કરકસર કરવામાં પોતાનું ઉત્તમ યોગદાન આપી શકે તે અંગે યોગ્ય પગલાં લઇ શકાય.

આ સાથે 2008-2009 થી 2009-10 દરમ્યાન જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પંચમહાલ દ્વારા થયેલ સ્વાંતઃ સુખાય પહેલનો અહેવાલ સામેલ કરવામાં આવેલ છે. (બિડાણમાં સામેલ છે.) જેમાં જે તે સમયે લેવામાં આવેલ નાનાંમોટાં પગલાંઓ અને તેનાં હકારાત્મક પર્યાવરણીય પરિણામો દર્શાવવામાં આવેલ છે. જો કે આવાં અનેક સ્તુત્ય પગલાં અન્ય કચેરીઓ અને નગરો-ગામો દ્વારા લેવામાં આવેલ હશે. તેવી તમામ સફળવાર્તાઓ આપણા માટે પ્રેરણારૂપ છે.

માનનીય રાજ્યપાલશ્રી દ્વારા સહુને અનુરોધ કરવામાં આવેલ છે કે વીજ વપરાશમાં બચત કરીને આપણા પર્યાવરણની રક્ષા કરવા સાથે રાજ્યને ઊર્જા-કાર્યક્ષમ બનાવવા સહયોગ કરીએ. તદનુસાર ગત/ચાલુ વર્ષ અને પ્રયોગો કર્યા પછીના સમયમાં મળેલ પરિણામોની સરખામણી કરતા માસિક અહેવાલો પણ જે તે વહીવટી વિભાગ અને અત્રે નિયમિત રીતે મોકલી આપવા આજ્ઞાનુસાર વિનંતિ છે.

આપનો વિશ્વાસુ,

(અશોક શર્મા) IAS
માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવ

બિડાણઃ ઉપર મુજબ